


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 15 ■ તા. 12-04-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk

# 'હોર્મુઝ કોઈ પણ કિંમતે બંધ નહીં થવા દઈએ' :ડોનાલ્ડ ટ્રમ્પ

વૉશિંગ્ટન, તા.૧૧

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવનો અંત લાવવા માટે શનિવારે પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં એક ઐતિહાસિક બેઠક યોજાવા જઈ રહી છે. જોકે, આ બેઠક પૂર્વે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અત્યંત કડક વલણ અપનાવી ઈરાનને ગંભીર ચેતવણી આપી છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે 'વ્યાપારિક દ્રષ્ટિએ અતિ મહત્વના એવા 'હોર્મુઝ સ્ટ્રેટ'ને કોઈપણ કિંમતે બંધ થવા દેવામાં આવશે નહીં.'અહેવાલો અનુસાર, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ દરિયાઈ માર્ગની સુરક્ષા અંગે અમેરિકાની મક્કમતા વ્યક્ત કરતા કહ્યું કે, 'હોર્મુઝ સ્ટ્રેટ એક આંતરરાષ્ટ્રીય જળમાર્ગ છે અને ત્યાં કોઈને પણ મનસ્વી રીતે કામ કરવાની મંજૂરી અપાશે નહીં. ઈરાન આ માર્ગ પરથી પસાર થતા જહાજો પર કોઈ પણ પ્રકારનો કર કે ટોલ વસૂલવાનો પ્રયાસ ન કરે, અમેરિકા મુક્ત નેવિગેશન સુનિશ્ચિત કરવા સંપૂર્ણ સજ્જ છે.' ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઈરાન લશ્કરી રીતે યુદ્ધ હારી ગયું છે, અને હવે અમારો ધ્યેય આ માર્ગને સંપૂર્ણપણે ખુલ્લો રાખવાનો છે.પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે આ મેગા સંવાદનું મહત્ત્વ વિશ્વ સમક્ષ રજૂ કર્યું હતું. તેના મતે, આ વાતચીત કાયમી યુદ્ધવિરામ માટેની છેલ્લી અને સૌથી મોટી તક છે. સમગ્ર મિડલ ઈસ્ટમાં શાંતિ આ બેઠકના પરિણામ પર નિર્ભર છે.

પાકિસ્તાન આ મહત્ત્વપૂર્ણ વાટાઘાટોનું યજમાન બનીને તણાવનો કાયમી ઉકેલ શોધવા પ્રયાસ કરી રહ્યું છે.જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું આ છેલ્લી બેઠક હશે, ત્યારે તેમણે સસ્પેન્સ જાળવી રાખ્યું હતું. તેમણે અગાઉની અમેરિકાની સરકારો પર નિશાન સાધતા કહ્યું કે, 'તેઓ ૪૭ વર્ષથી ફક્ત વાતો કરી રહ્યા છે. આજની બેઠક જ નક્કી કરશે કે આગળ શું થશે. આપણે જોવું પડશે કે આવતીકાલ શું લાવે છે.'હોર્મુઝ સ્ટ્રેટ એ વિશ્વના ઓઈલ પુરવઠા માટેની મુખ્ય નળી સમાન છે. જો ત્યાં તણાવ વધે તો વૈશ્વિક સ્તરે ઈંધણના ભાવમાં મોટો ઉછાળો આવી શકે છે. આ સંજોગોમાં શનિવારે યોજાનારી આ બેઠક માત્ર રાજકીય નહીં પણ આર્થિક દ્રષ્ટિએ પણ અત્યંત નિર્ણાયક સાબિત થશે.

### છ મહિનામાં જ મતદાતાઓની સંખ્યા ૫૧ કરોડથી ૪૪.૯૨ કરોડ થઈ

# SIR બાદ ૧૨ રાજ્યો, સંઘપ્રદેશોની યાદીમાંથી ૬ કરોડ મતદાતાઓ ઘટ્યા

### ગયા વર્ષે ૨૭ ઓક્ટોબરે આ પ્રક્રિયા શરૂ થઈ, ત્યારે આ ૧૨ વિસ્તારોમાં કુલ ૫૧ કરોડ મતદારો હતા

નવી દિલ્હી, તા.૧૧

સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (ખાસ સુધારણા કાર્યક્રમ) પૂર્ણ થયા બાદ નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ મતદાર યાદીમાં આશરે **6.08** કરોડ મતદાતાઓનો ઘટાડો થયો છે. ઉત્તર પ્રદેશની આખરી મતદાર યાદી જાહેર થવાની સાથે જ આ પ્રક્રિયાનો બીજો તબક્કો હવે પૂરો થયો છે. ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, રાજસ્થાન, છત્તીસગઢ, કેરળ, પુડુચેરી, આંદામાન-નિકોબાર, લક્ષદ્વીપ, ગુજરાત, મધ્ય પ્રદેશ અને ગોવાની અંતિમ યાદીઓ પ્રસિદ્ધ કરી દેવામાં આવી છે. ગયા વર્ષે **27** ઓક્ટોબરે આ પ્રક્રિયા શરૂ થઈ, ત્યારે આ **12** વિસ્તારોમાં કુલ **51** કરોડ મતદારો હતા. **SIR** બાદ આ સંખ્યા ઘટીને **44.92** કરોડ થઈ ગઈ છે. એટલે કે કુલ **6.08** કરોડ નામો યાદીમાંથી ઓછા થયા છે. બાકીના **17** રાજ્યો અને **5** કેન્દ્રશાસિત પ્રદેશોના **40** કરોડ મતદારો માટે આ પ્રક્રિયા હવે પછી શરૂ થશે.

શક્ય છે કે આ મહિનાની પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ પછી તે હાથ ધરવામાં આવે. આસામમાં **SIR** ને બદલે 'સ્પેશિયલ રિવિઝન' કરવામાં આવ્યું હતું જે **10** ફેબ્રુઆરીએ પૂર્ણ થયું હતું. બિહારની જેમ જ, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં પણ રાજકીય પક્ષોએ આ પ્રક્રિયા સામે સુપ્રીમ કોર્ટમાં વાંધો ઉઠાવ્યો છે.

### ONGC ચેરમેને દેશને આપી સલાહ

# 'પેટ્રોલ-ડીઝલ, ગેસ અને કોલસાનો કાળજીપૂર્વક ઉપયોગ કરવો'

### ભારતે તેની ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે મોટા પ્રમાણમાં તેલ અને ગેસનો સંગ્રહ કરવો અત્યંત જરૂરી

નવી દિલ્હી, તા.૧૧

વૈશ્વિક સ્તરે ચાલી રહેલા યુદ્ધ અને રાજકીય અસ્થિરતાએ દુનિયાભરના દેશો માટે મોટું એનર્જી સંકટ ઊભું કર્યું છે. ઈરાન દ્વારા હોર્મુઝની ખાડી પર કડક જાપ્તો લગાવી દેવામાં આવતા ઓઈલ અને ગેસ સપ્લાય ખોરવાયો છે. આ સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરતા **ONGC** ના ચેરમેન અરુણ કુમાર સિંહે જણાવ્યું કે, **40** વર્ષના અનુભવમાં તેમણે ક્યારેય આવું સંકટ જોયું નથી.એક અખબાર સાથેની વાતચીતમાં અરુણ કુમાર સિંહે મહત્વના મુદ્દાઓ રજૂ કર્યા હતા. અરૂણ કુમાર સિંહે કહ્યું કે, અમે ક્યારેય વિચાર્યું નહોતું કે એક દિવસ એવો આવશે જ્યારે હોર્મુઝ જેવો મહત્વનો રસ્તો બંધ થઈ જશે. આ સ્થિતિ માત્ર ભારત માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે તેલ સંકટ સમાન છે. દરેક દેશે પોતાની ઊર્જા સુરક્ષા અને સાર્વભૌમત્વની રક્ષા માટે કડક પગલાં લેવા પડશે. આપણે માત્ર વર્તમાન જ નહીં, પરંતુ ભવિષ્યમાં આવી શકે તેવી ગંભીર સ્થિતિઓ માટે પણ તૈયાર રહેવું પડશે. ભારતે તેની ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે મોટા પ્રમાણમાં તેલ અને ગેસનો સંગ્રહ કરવો અત્યંત જરૂરી છે.પરીક્ષા આવે ત્યારે તૈયારી ન કરાયઅરુણ કુમાર સિંહે એક સચોટ ઉદાહરણ આપતા કહ્યું કે, જ્યારે પરીક્ષા નજીક હોય ત્યારે તૈયારી કરવા બેસવું જોઈએ નહીં, પરંતુ અગાઉથી સજ્જ રહેવું જોઈએ. આપણે ઊર્જાના સ્રોત અને તેના ભંડારમાં વિવિધતા લાવવી પડશે. કરકસરભર્યો ઉપયોગ તેલ, ગેસ અને કોલસાની દરેક બુંદનો ઉપયોગ અત્યંત વિચારીને અને કરકસરપૂર્વક કરવો પડશે.

ભારતની વિદેશી દેશો પરની નિર્ભરતા અંગે ચિંતા વ્યક્ત કરતા તેમણે જણાવ્યું કે, **LNG** અને **LPG** ના કિસ્સામાં ભારતની નિર્ભરતા **30%** થી વધીને **60%** સુધી પહોંચી છે, જે હાલની સ્થિતિમાં ઘણી મોંઘી સાબિત થઈ રહી છે. વધારે પડતા આયાત પરના આધારને કારણે ભારતે આર્થિક નુકસાન વેઠવું




પડી રહ્યું છે. હોર્મુઝ પર ઈરાનનો પહેરો છે. નોંધનીય છે કે, અમેરિકા અને ઈરાન વચ્ચે બે સપ્તાહના યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી છે, તેમ છતાં ઈરાને હોર્મુઝની ખાડી પર કડક નિયંત્રણો રાખ્યા છે. કોઈપણ જહાજને પસાર થવા માટે ઈરાનની પરવાનગી લેવી ફરજિયાત છે. આગામી શનિવારે ઈસ્લામાબાદમાં બંને દેશો વચ્ચે શાંતિ મંત્રણા થવાની છે, જેના પર સમગ્ર વિશ્વની નજર છે.

### સુપ્રીમ કોર્ટે મોંઘવારી રાહતને મહત્ત્વનો ચુકાદો આપ્યો

# પેન્શન મેળવતા લાખો લોકોને થશે ફાયદો

### રાજ્ય સરકારો પેન્શનરોને મળતી મોંઘવારી રાહતનો દર કાર્યરત કર્મચારીઓના મોંઘવારી ભથ્થા કરતા ઓછો રાખી શકે નહીં

નવી દિલ્હી, તા.૧૧

સુપ્રીમ કોર્ટે મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતને લઈને એક ઐતિહાસિક અને મહત્ત્વનો ચુકાદો આપ્યો છે, જેનો સીધો લાભ લાખો પેન્શનરોને મળશે. જસ્ટિસ મનોજ મિશ્રા અને જસ્ટિસ પ્રસન્ના બી. વરાલેની બેન્ચે સ્પષ્ટ કર્યું છે કે રાજ્ય સરકારો પેન્શનરોને મળતી મોંઘવારી રાહતનો દર કાર્યરત કર્મચારીઓના મોંઘવારી ભથ્થા કરતા ઓછો રાખી શકે નહીં. કોર્ટે અવલોકન કર્યું કે મોંઘવારી સેવારત અને નિવૃત્ત બંને કર્મચારીઓને સમાન રીતે અસર કરે છે, તેથી તેમની વચ્ચે ભેદભાવ કરવો તે બંધારણની કલમ ૧૪(સમાનતાનો અધિકાર)નું ઉલ્લંઘન છે. આ નિર્ણય બાદ હવે સરકારો પેન્શનરો સાથે મોંઘવારીના લાભો બાબતે અન્યાય કરી શકશે નહીં.

કેરળ સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન **(KSRTC)**ના એક કેસમાં સુનાવણી દરમિયાન કોર્ટે જણાવ્યું કે, મોંઘવારી ભથ્થાનો હેતુ વધતી કિંમતો અને જીવન નિર્વાહના ખર્ચ સામે રક્ષણ આપવાનો છે. કેરળ સરકારે નબળી નાણાકીય સ્થિતિનું બહાનું કાઢીને પેન્શનરોને ઓછી રાહત આપવાની દલીલ કરી હતી, જેને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે નાણાકીય મુશ્કેલીઓ ચૂકવણીમાં વિલંબનું કારણ હોઈ શકે છે, પરંતુ તે બે સમાન જૂથો વચ્ચે ભેદભાવ કરવાનું બહાનું બની શકે નહીં.આ ચુકાદા દ્વારા સુપ્રીમ કોર્ટે કેરળ હાઈકોર્ટના નિર્ણયને માન્ય રાખ્યો છે અને જણાવ્યું છે કે લોકકલ્યાણકારી રાજ્યમાં નિવૃત્ત લોકોના હિતોની અવગણના ન થઈ શકે. આ નિર્ણય દેશભરના સરકારી પેન્શનરો માટે રક્ષણ સમાન સાબિત થશે, કારણ કે હવે કોઈપણ રાજ્ય સરકાર પગાર સુધારણા કે મોંઘવારી ભથ્થાની જાહેરાત કરતી વખતે પેન્શનરો સાથે ભેદભાવ કરતા પહેલા સો વાર વિચાર કરશે.

### સાત લોકોની ધરપકડ કરાઈ

# નાસિકની IT કંપનીમાં 'કોર્પોરેટ જેહાદ' : ધર્મ પરિવર્તન અને શોષણ

### કેટલીક મહિલા કર્મચારીઓની જીવનશૈલી અને પહેરવેશમાં અચાનક મોટો બદલાવ જોવા મળતા આ ઘટના પ્રકાશમાં આવી હતી

નાસિક, તા.૧૧

મહારાષ્ટ્રના નાસિકની એક મલ્ટિનેશનલ આઈટી કંપનીમાં હિન્દુ મહિલા કર્મચારીઓનું જાતીય શોષણ, ઓફિસમાં બળજબરીથી નમાજ પઢાવવા, હિન્દુ દેવી-દેવતાઓનું અપમાન અને ધર્મ પરિવર્તન માટે દબાણ કરવાનો ચોંકાવનારો મામલો પ્રકાશમાં આવ્યો છે. 'કોર્પોરેટ જેહાદ'ના આ કિસ્સામાં પોલીસે કંપનીના મુસ્લિમ ટીમ લીડર્સ અને એચઆર મેનેજર સહિત ૭ લોકોની ધરપકડ કરી છે.કેટલીક મહિલા કર્મચારીઓની જીવનશૈલી અને પહેરવેશમાં અચાનક મોટો બદલાવ જોવા મળતા આ ઘટના પ્રકાશમાં આવી હતી. આ મહિલાઓએ રમઝાનમાં રોજા રાખવાનું શરૂ કર્યું હતું, લિપસ્ટિક લગાવવાનું બંધ કરી દીધું હતું અને પોતાની વર્ષો જૂની પરંપરાઓ ત્યાગીને સહેલીઓથી અંતર બનાવી લીધું હતું. શરૂઆતમાં ડરના માર્યા ચૂપ રહેલી ૯ યુવતીઓ અને એક યુવકે હિંમત દાખવી પોલીસ ફરિયાદ નોંધાવતા સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો.મહારાષ્ટ્ર સરકારે આ મામલાની ગંભીરતા જોઈને સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ની રચના કરી છે. શુક્રવારે હિન્દુ સંગઠનોએ કંપનીના કેમ્પસમાં વિરોધ પ્રદર્શન પણ કર્યું હતું. પીડિત મહિલાઓનો આક્ષેપ છે કે છેલ્લા ચાર વર્ષથી તેઓ એચઆર મેનેજરને ફરિયાદ કરતી હતી, પરંતુ દરેક વખતે તેને અવગણવામાં આવતી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આઠ મહિલાઓ અને એક પુરુષ કર્મચારીને મુસ્લિમ ધર્મ અપનાવવા મજબૂર કરવામાં આવ્યા હતા.

તેઓને ઓફિસમાં બળજબરીથી નમાજ પઢાવવી, ગાયનું માંસ ખવડાવવું અને તેમના ધાર્મિક પ્રતીકોનું અપમાન કરવા જેવી ગંભીર બાબતો સામે આવી છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં ટીમ લીડર આસિફ અંસારી, શફી શેખ, શાહરૂખ કુરેશી, રઝા મેમણ, તૌસીફ અત્તાર, દાનિશ શેખ અને એચઆર મેનેજર અશ્વિની છનાનીનો સમાવેશ થાય છે.તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓ હોદ્દાનો દુરુપયોગ કરી યુવતીઓને પ્રમોશનની લાલચ આપતા હતા. ત્યારબાદ 'વીકેન્ડ ટ્રિપ'ના નામે રિસોર્ટ કે વોટર પાર્ક લઈ જઈ તેમની સાથે અશ્લીલ હરકતો કરી દબાણ બનાવવામાં આવતું હતું. જો કોઈ યુવતી રજા પર હોય, તો આરોપીઓ તેના ઘરે પહોંચી જવાની ધમકી પણ આપતા હતા. પુરાવા મેળવવા માટે મહિલા પોલીસકર્મીઓએ વેશ પલટો કરીને કંપનીમાં કામ કર્યું હતું. તેમણે ૪૦ જેટલા સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા, જેમાં આરોપીઓ દ્વારા યુવતીઓની છેડતી અને અયોગ્ય સ્પર્શના પુરાવા મળ્યા છે. મહારાષ્ટ્ર સરકારના મંત્રી નિતેશ રાણેએ આને 'કોર્પોરેટ જેહાદ' ગણાવી છે અને આ પાછળના માસ્ટરમાઈન્ડ અને ફન્ડિંગની તપાસ કરવાની ખાતરી આપી છે. પીડિત યુવતીઓએ જણાવ્યું કે, કંપનીમાં કામના બદલે તેમના ધર્મ અને વિચારધારા પર વધુ દબાણ કરવામાં આવતું હતું.

### બંગાળમાં પીએમ મોદીનું નિવેદન, ઘૂસણખોરી પર આકરા પ્રહાર

# તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ ગભરાયેલા છે અને જનતાને ભ્રમિત કરી રહ્યા છે

કોલકાતા, તા.૧૧

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી વચ્ચે રાજકીય માહોલ અત્યંત ગરમાયો છે અને તમામ પક્ષો પોતાની પૂરી તાકાત લગાવી રહ્યા છે.પાર્ટીઓના સ્ટાર પ્રચારકો એક પછી એક રેલીઓ અને સભાઓનું આયોજન કરીને વધુમાં વધુ લોકોને પોતાની તરફેણમાં લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ રેલીઓ દરમિયાન નેતાઓના ભાષણો હેડલાઈન્સમાં છવાયેલા રહે છે. આવું જ એક નિવેદન હાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પોતાની રેલી દરમિયાન આપ્યું હતું. વડાપ્રધાન મોદીએ કહ્યું કે બંગાળમાં તેમની રેલીઓમાં જેટલી ભીડ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે, તેવો તેમણે અગાઉ ક્યારેય પોતાના ગૃહ રાજ્ય ગુજરાતમાં પણ જોયો નથી. પૂર્વ બર્ધમાન જિલ્લામાં આયોજિત એક રેલીને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે બપોરે ૧૨ વાગ્યા જેવા સમયે આટલી મોટી સભા ભેગી કરવી સરળ નથી હોતી, પરંતુ બંગાળની જનતા દરેક વખતે આવું કરી બતાવે છે. તેમણે કહ્યું કે આ ઉત્સાહ આગામી ચૂંટણી પરિણામોનો સંકેત છે અને ૪ મેના રોજ રાજ્યમાં મોટા ફેરફારો જોવા મળી શકે છે. પીએમ મોદીએ રેલીમાં હાજર લોકોના વખાણ કરતા કહ્યું કે આ જનસૈલાબ માત્ર એક ટ્રેલર છે, અસલી પરિણામ હજુ બાકી છે. પોતાના ભાષણમાં વડાપ્રધાન મોદીએ ભારતીય જનતા પાર્ટી **(BJP)**ની સંભવિત સરકાર બનવા પર મોટા નિર્ણયોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે જો ભાજપ સત્તામાં આવશે તો સૌથી પહેલા છેલ્લા ૧૫ વર્ષમાં તૃણમૂલ કોંગ્રેસ **(TMC)**ના શાસન દરમિયાન થયેલા ભ્રષ્ટાચાર પર એક વ્હાઈટ પેપર બહાર પાડવામાં આવશે. તેમણે આરોપ લગાવ્યો કે તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ ગભરાયેલા છે અને જનતાને ભ્રમિત કરી રહ્યા છે કે ભાજપ આવશે તો સરકારી યોજનાઓ બંધ થઈ જશે. પીએમ મોદીએ સ્પષ્ટ કર્યું કે કોઈ પણ કલ્યાણકારી યોજના બંધ નહીં થાય, પરંતુ ભ્રષ્ટાચાર અને લૂંટની વ્યવસ્થા ખતમ કરવામાં આવશે.

પીએમ મોદીએ એવી પણ જાહેરાત કરી હતી કે જો ભાજપ સરકાર બનશે તો પહેલી કેબિનેટ બેઠકમાં જ આયુષ્માન ભારત યોજનાને રાજ્યમાં લાગુ કરવાનો પ્રસ્તાવ પસાર કરવામાં આવશે. તેમણે કહ્યું કે વર્તમાન રાજ્ય સરકારે લાંબા સમય સુધી જનતાને આ યોજનાના લાભોથી વંચિત રાખી છે. આ



સિવાય તેમણે ઘૂસણખોરીના મુદ્દે પણ કડક વલણ અપનાવવાની વાત કરી હતી. પીએમ મોદીએ કહ્યું કે માત્ર ઘૂસણખોરો પર જ નહીં, પરંતુ તેમને નકલી દસ્તાવેજો અપાવીને વસાવનારાઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવશે.

બેરોજગારીના મુદ્દે વડાપ્રધાને મોટી જાહેરાતો કરી છે. તેમણે કહ્યું કે, ભાજપ સરકાર એવા ઉદ્યોગો સ્થાપશે જેનાથી લાખો યુવાનોને રોજગાર મળે. આ સાથે જ, **TMC**ની નીતિઓને કારણે સરકારી ભરતીમાં વય મર્યાદા વટાવી ચૂકેલા યુવાનોને વયમાં વિશેષ છૂટ આપવામાં આવશે. સરકારી વિભાગોની ખાલી જગ્યાઓ મિશન મોડમાં ભરવામાં આવશે અને રાજ્યમાં નિયમિત રીતે રોજગાર મેળા યોજાશે.

મહિલાઓની સુરક્ષા અને સશક્તિકરણ પર ભાર મૂકતાં **PM**એ બંગાળ ભાજપના એ વાયદાને દોહરાવ્યો, જેમાં દર મહિને મહિલાઓને રૂ.૩,૦૦૦ની આર્થિક સહાય આપવાની વાત કરવામાં આવી છે.

વડાપ્રધાને આરોપ લગાવ્યો કે, **TMC**એ રાજ્યના બટાકા પકવતા ખેડૂતોને **MSP**ના નામે છેતર્યા છે. તેમણે જાહેરાત કરી કે બંગાળમાં ભાજપ સરકાર આવતાં જ ખેડૂતોને **PM** કિસાન સન્માન નિધિ હેઠળ મળતી રકમને વધારીને ૯,૦૦૦ રૂપિયા કરી દેવામાં આવશે. જેમાં ૬,૦૦૦ રૂપિયા કેન્દ્ર સરકાર આપશે અને ૩,૦૦૦ રૂપિયા રાજ્યની ભાજપ સરકાર ઉમેરશે.

12-04-2026_15 Jan Fariyad_New_P-1

# મીન માં મંગળ-શની-નેપ્ચ્યુનની યુતિથી પાણી તથા કુદરતી આપત્તિ

YOGGI ASTROLOGYના ૧૭૯ અંકમાં આપ સૌનું સ્વાગત છે. અંક ૧૭૮માં લખ્યું હતું કે જ્યારે 2-Aprilમાં મંગળ શની સાથે મીન રાશિમાં આવશે ત્યારે નોર્થ-નોર્થ ઈસ્ટમાં ભૂકંપ ૮-૯ વચ્ચે આવશે, તે આજે 2-April ના રોજ ઈન્ડોનેશિયામાં ૭.૮ તીવ્રતાનો ભૂકંપ થયો. તેની સાથે સમુદ્રમાં લહેર થઈ હતી. કેનેડામાં નોર્થ Edmonton ૪.૫ની તીવ્રતાનો ભૂકંપ, 3-April ના રોજ અફઘાનિસ્તાન ૫.૯ની તીવ્રતા, જમ્મુ-કાશ્મીરમાં ૫.૯ની તીવ્રતાવાળો ધરતીકંપ થયો છે. અંક ૧૭૮માં લખ્યું હતું કે નોર્થ-નોર્થ ઈસ્ટમાં ધરતીકંપ આવશે તેની હલચલ ચાલુ થઈ ગઈ છે હજી ભૂકંપ થશે.

૩૧ માર્ચ પછી અમેરિકા ઉપર ઈરાન આક્રમક થયું છે. ગોચરમાં મીન રાશિમાં મંગળ-સૂર્ય-શની-નેપ્ચ્યુનની યુતિ, કુંભ રાશીમાં બુધ-રાહુ ની યુતિ, આ યુતિ મીન જલીય રાશીમાં હોવાથી પહાડી વિસ્તારમાં ભારે બરફ વર્ષા થઈ તથા વરસાદ થતો જેવા મળી રહ્યા છે. શની-નેપ્ચ્યુનની યુતિ તથા રાહુ નેપ્ચ્યુન હોવાથી પાણી ઉપર તબાહી થતી જોવા મળશે. શનિ-નેપ્ચ્યુનની યુતિ હોવાથી ધાર્મિક ઉથલપાથલ જોવા મળશે, તેમાં ઈસ્લામિક જગતમાં યુદ્ધ થશે, તે આજે થઈ રહ્યું છે. બંગાળમાં હિન્દુ-મુસ્લિમ વચ્ચે ભયંકર ધમાલ થતી જોવા મળશે. આવનાર ઈલેક્શન લોહિયાળ સાબિત થશે.

મીનમાં શનિ-નેપ્ચ્યુન ભયંકરપાણીથીતબાહી

ન્યુક્લિયર કાંડ અથવા ન્યુક્લિયર યુદ્ધ

ગુપ્ત ફાઈલો ઓપન થશે

ઈસ્લામિક જગત માટે ખતરાની ઘંટી

શનિ-મંગળ સાથે હોવાથી ઉપર પરિસ્થિતિ ભયંકર બનશે. તેમાં સાયક્લોન, ટોર્નેડો, ભારે વરસાદ કે ડેમ તૂટે અથવા હુમલાથી ડેમ તોડી નાખવો, ભારે સ્નો, નેપ્ચ્યુન વરુણ (હવા) હોવાથી કોઈપણ દેશમાં ભારે પવનથી નુકસાન થાય.

૧૯૯૫ થી ૧૯૯૬

૧૯૬૬ થી ૧૯૬૮

૧૯૩૭ થી ૧૯૩૯

૧૯૦૭ થી ૧૯૦૯

આ વર્ષ દરમ્યાન શનિ-મંગળની યુતિ થઈ હતી.

૧૯૯૬માં આ યુતિ દરમ્યાન કેતુ-સિંહ રાશિમાં છે જે મઘા નક્ષત્રમાં આવવાથી ખ્રિસ્તી જગતમાં કંઈ થશે. શનિ-મંગળની યુતિથી હજુ ભયંકર યુદ્ધ બનશે, જેમાં ઈરાન નવી મિસાઈલનો ઉપયોગ કરતાં જોવા મળશે. ઈરાન આવનાર ૪૦ દિવસ ઈઝરાયલ ઉપર ભારી પડશે. અમેરિકામાં આવનાર ૪૦ દિવસ ઘણા કઠીન રહેશે. આર્મી સામે રોડ ઉપર જોવા મળશે. મીન રાશિમાં શનિ-મંગળ એટલે સ્કૂલ, કોલેજ, ચર્ચમાં, મંદિરમાં, ગન ઘટના, આતંકવાદ હુમલા જોવા મળે, તેનું કારણ મીન એ ગુરુનું ઘર છે. આ સમય દરમ્યાન વેનેઝુએલાના પ્રાઈમ મિનિસ્ટરને મુક્ત કરશે. ૪૦ દિવસમાં નવા યુદ્ધ મોરચા ખૂલશે.

**IPL :**

રાજસ્થાન રોયલ્સ - કેપ્ટન : રીયાન પરાગ, જન્મ : ૨૦૦૧

ગુજરાત ટાઈટન્સ - કેપ્ટન : શુભમન ગીલ, જન્મ : ૧૯૯૯

કલકત્તા નાઈટ રાઈડર્સ - કેપ્ટન : અજિંક્ય રહાણે, જન્મ : ૧૯૯૦

લખનૌ સુપર જાયન્ટ્સ - કેપ્ટન : રીશભ પંત, જન્મ : ૧૯૯૬

RCB - કેપ્ટન : રજત પાટીદાર

**૨૦ એપ્રિલ થી ૩૦ મે વચ્ચે નવસારી માં આવી રહીયો છું મારો ફોન નંબર ૯૭૨૫૮ ૭૭૭૮૨ તથા મારા વોટ્સ અપ નંબર ૧ ૬૪૭ ૨૮૬ ૩૭૩૪ યોગી એસ્ટ્રોલોજી ની મુલાકાત જરૂથી લેશો**

શતભિષા નક્ષત્રમાં હોવાથી આ ઉપરાંત સૂર્ય-મંગળની યુતિ, આ ઉપરાંત અમેરિકાની રાહુની દશા તથા ટ્રંપની કુંડલીમાંસૂર્ય-ચંદ્રની યુતિથી હજુ કોઈ મોટી ભૂલ કરશે, તેનાથી હજી ખરાબ પરિસ્થિતિ ઉત્પન્ન કરશે. ભગવાનને પ્રાર્થના કે અમેરિકા ગુસ્સામાં ન્યુક્લિયર શસ્ત્રનો ઉપયોગ ન કરે!

બીજું શનિ-મંગળની યુતિ ૨-Aprilથી થતા જે ભારતની કુંડળીમાં અગિયારમે બને છે, જે ઈચ્છાનું સ્થાન બતાવે છે, જેથી ભારતથી છૂટું પડેલું અંગ પાછું મળવું. તેનો અર્થ POK મેળવવાનો સમય આવી ગયો છે. 2-April થી ૧૧ મે (MAY) સુધી શનિ-મંગળની યુતિ રહેશે. આ સમય પાકિસ્તાન માટે સારો નથી. પોતાના ઘરમાં ભયંકર વિસ્ફોટ થશે. આર્મી વિદ્રોહ કરશે. જનતા રોડ ઉપર આવશે. આ સમય દરમ્યાન પાકિસ્તાનમાં કોઈ રાજકીયનું નેતાનું મૃત્યુ થાય.

શનિ-ઉત્તરાભાદ્રપદા ૧૧ થી 30 April સુધીમાં

કાલપુરુષની કુંડળી પ્રમાણે શનિદેવ મીન રાશિમાં દર ૩૦ વર્ષે થાય છે. રાશિ પ્રમાણે મીન રાશિ છેલ્લી રાશિ છે, તેમાં દરેક રાશિમાં શનિ-મંગળ લગભગ દર બે વર્ષે ભેગા થાય છે. હાલ મીન રાશિમાં છે જે લગભગ ૪૦ દિવસ આ રાશિમાં યુતિમાં રહેશે. 2-April થી 11-May દરમ્યાન દુનિયામાં ન જોયેલી વસ્તુ પણ જોવા મળશે. ૨૦૨૪માં કુંભરાશિમાં આવ્યા હતા ત્યારે ઈઝરાયલે ગાઝા યુદ્ધ, ૨૦૨૨માં મકર રાશિમાં ત્યારે રશિયા-યુક્રેન યુદ્ધ, ૨૦૨૦માં ધનુ (ગુરુની રાશિ)માં કોરોનાની લહેર આવી હતી.

૨૦૨૬માં હાલ અમેરિકા-ઈરાન-ઈઝરાયલ યુદ્ધ ચાલી રહ્યું છે. પરંતુ હવેથી૪૦ દિવસમાં નવા યુદ્ધ અથવા આ યુદ્ધમાં ચીન, રશિયા પણ આવશે. ભારત-પાકિસ્તાન યુદ્ધ થશે. હાલ મીન જલ રાશિમાં શનિ-મંગળ તેમજ અમેરિકામાં હરિકેન Franથી $ 5 Billionનું નુકસાન, પશ્ચિમ બંગાળમાં ઘણું નુકસાન, અમેરિકામાં ઓરેગોનમાં ફેબ્રુઆરી ૧૯૯૬ રેકોર્ડ તોડ વરસાદ સાથે ગરમીથી સ્નો પીગળતા ભારે નુકસાન થયું હતું. 11-May-૧૯૯૬માં માઉન્ટ એવરેસ્ટ Disaster થયું હતું. આવા ઘણા ઉદાહરણ રૂપે મીન રાશિમાં શનિ-મંગળથી તબાહી ભૂતકાળમાં થઈ છે.

આ સમય દરમ્યાન વિશ્વમાં ડેમ પણ તૂટ્યા હતા. આથી આવી ઘટનાનું પુનરાવર્તન થવા જઈ રહ્યું છે. મીનમાં શનિ-મંગળની યુતિથી ભેદભાવની ઘટનાથી લોકો એક જગ્યાથી બીજી જગ્યા ઉપર જતા રહે છે. આ સમય દરમ્યાન ભારતીય લોકો યુગાન્ડા, કેન્યાથી ભાગી ભારત, અમેરિકા, લંડન ગયા હતા, હાલ આવી ઘટના બનવાની સંભાવના બને છે.

ઈન્ડોનેશિયાનો ધરતીકંપ પછી હવે મોટા ધરતીકંપ થશે જેમાં તેની તીવ્રતા ૮-૯ની વચ્ચે રહેશે. જેમાં નોર્થ, નોર્થઈસ્ટ, રશિયા, અલાસ્કા, અમેરિકાના ભાગ, ભારતમાં નોર્થ દિલ્હી, અફઘાનિસ્તાન, ઈરાન, પાકિસ્તાન, જાપાન, મલેશિયા, ઈન્ડોનેશિયા, જાવા, સાઉથ અમેરિકાના દેશો, નેપાલ, અમેરિકામાં ભારે સાયક્લોન થતા જોવા મળશે.

શનિ-મંગળની યુતિથી વિશ્વમાં બોર્ડર ઉપર તણાવપૂર્ણ વાતાવરણ રહેશે, તેવી રીતે પાણીની બોર્ડર માટે નવા યુદ્ધ થાય. જે હાલ હોર્મુઝ માટે મોટું યુદ્ધ જોવા મળશે.

૧૯૩૮માં શનિ-મંગળ મીન રાશિમાં હતા ત્યારે ચીન-જાપાન વચ્ચે યુદ્ધ થયું હતું. ૧૯૩૮ હિટલરે કત્લે-આમ કર્યું હતું. આ સમય દરમ્યાન યુરોપમાં કંઈક થતું જોવા મળશે.

કંઈક સરકાર તૂટશે, કોઈ યુરોપના નેતાની હત્યા થાય. શનિ-મંગળની યુતિથી આગની ઘટના, ગન ઘટના, આર્મી ઉપર આતંકવાદી હુમલો, પાણીમાં આગ વગેરે જોવા મળશે. ભારતમાં કોઈ નેતાની ગોળીથી હત્યા પછીનું માહોલ ખરાબ થતું જોવા મળશે.

IPLમાં આ પાંચ ટીમ સેમીફાઈનલ જોવા મળશે બાકી ટીમનું બીજા અંકમાં લખીશ.

સચોટ :

૧. અંક ૧૭૪માં ચંદ્રગ્રહણ પછીની વિશ્વની પરિસ્થિતિમાં લખ્યું હતું કે ચંદ્રગ્રહણ ભાગ્ય ઉપર પડે છે, તો કર્મ સાથ ન આપે. વિશ્વમાં નવા સેક્સ સ્કેન્ડલ બહાર આવેશે, જેમાં મહારાષ્ટ્રમાં જોવા મળ્યું છે, જેમાં મોટા નેતાના નામ પણ બહાર પડશે.

૨. અંક ૧૭૮માં લખ્યું હતું ધરતીકંપ થશે - જે ઈન્ડોનેશિયામાં થયો પરંતુ હજુ મોટો ભૂકંપ બાકી છે.

૩. અંક ૧૭૫માં લખ્યું હતું કે ઈરાન આક્રમક બનશે જે સત્ય થયું છે.

૪. અમેરિકામાં વિદ્રોહ થશે - જે હાલ થઈ રહ્યો છે.

હાલ મીન રાશિ શનિ-મંગળ ત્યારબાદ 15 Aprilથી સૂર્ય-શનિ-મંગળ-નેપ્ચ્યુન ભેગા થશે. એપ્રિલ મહિનો પૂરા વિશ્વ માટે ભારી રહેશે.

Yoggi Astrologઅની મુલાકાત લઈ તમારા જીવનની સમસ્યા દૂર કરવા માટે સંપર્ક જરૂરથી કરશો. મારો ફોન નંબર +૧-૬૪૭-૨૮૬-૩૭૩૪. તમારા નડતર ગ્રહો યોગ્ય ઉપાય કરી આપીશું. નેગેટિવ એનર્જી હવન યજ્ઞથી દૂર કરી આપીશું.

૨૦ એપ્રિલ થી ૩૦ મે વચ્ચે સમયમાં નવસારી, ગુજરાતની મુલાકાત લઈ રહ્યો છું. જરૂરથી મારો સંપર્ક ફોન નંબર ૯૭૨૫૮ ૭૭૭૮૨ અથવા WhatsApp +1-647-286-3734 ફોન કરી તમારી એપોઈન્ટમેન્ટ જરૂર બુક કરશો.

**Yoggi Astrology**
**Yogesh Gandhi**
**(MSc BEd)**
**77,**
**Mission Ridge, TR.**
**Brampton, L6P 3H9**
**CANADA-**
**+1-647-286-3734**

# કૃષિ પાકની ઉપજ બાદ ગોડાઉનના અભાવે કરોડોના કિંમતી પાકનું નુકસાન

ગાંધીનગર, તા.૧૧

રાજ્ય સરકારના બજેટમાં ખેડૂતોની કૃષિ ઉપજનો સંગ્રહ કરવા માટે દર વર્ષે ગોડાઉનની ક્ષમતા વધારવાની અને તે માટે પ્રોત્સાહન આપવાના દાવા થાય છે. તેની બીજી તરફ લણણી થઈ ગયા બાદ ખેડૂતોનો કરોડો રૂપિયાનો કિંમતી પાક યોગ્ય સંગ્રહ અને ગોડાઉનના અભાવે નુકસાન પામી રહ્યો છે. જેમાં ખેડૂતોના વિવિધ કૃષિ પાકથી લઈને બાગાયતી ઉપજનો પણ સમાવેશ થાય છે. ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોથી માવઠુ, અતિવૃષ્ટિ અને પૂરના કારણે ખેડૂતોને સતત ફટકો પડી રહ્યો છે. વાવેતર-પાકને નુકસાન ઉપરાંત જમીનના ધોવાણના કારણે પણ ખેડૂતોની હાલત કફોડી થાય છે. સરકાર દ્વારા જે સહાય પેકેજ જાહેર કરાય છે તે પણ અનેક કિસ્સામાં વાસ્તવિક નુકસાન કરતા ઓછુ હોવાની ફરિયાદ ખેડૂતો દ્વારા થાય છે. આવી કુદરતી આપત્તિઓ બાદ પણ જે પાક ઉગે છે તેમાંથી કેટલોક હિસ્સો પૂરતી સંગ્રહશક્તિની વ્યવસ્થા કે ગોડાઉનના અભાવે નાશ પામે છે. તેમાં બાજરી, કપાસ, મકાઈ, મગફળી જેવા પાકથી લઈને કેળા જેવા ફળ અને ડુંગળી સહિતના શાકભાજીનો સમાવેશ થાય છે. દૂધમાં પણ ૦.૫ ટકાનું નુકસાન થયું છે. લોકસભામાં ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રાલય દ્વારા આ માહિતી આપવામાં આવી છે.

તેમાં અનેક રાજ્યમાં ગુજરાત કરતા ગોડાઉનની વ્યવસ્થા સારી હોવાના કારણે નુકસાન ઓછું છે, તો કેટલાક રાજ્યમાં નુકસાનનું પ્રમાણ ગુજરાત કરતા પણ વધુ હોવાનું જણાવાયું છે. રાજ્યમાં કેટલાક પાકનું જંગી ઉત્પાદન થતું હોવાનું અને કેટલાક વિસ્તારોમાં જે પાકની ભારે ઉપજ થતી હોવા છતાં કૃષિ વિભાગ તે સ્થળે ઉત્પાદનની સરખામણીમાં જરૂરી ગોડાઉન કે યોગ્ય સંગ્રહ ખેડૂતો પાસે થઈ શકે તેવી વ્યવસ્થા કરી શક્યો નહીં હોવાનું પણ આંકડા પરથી સ્પષ્ટ થાય છે.

### આણંદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે

# પાંચમાં દિવસે ૩૯૮ જેટલાં ઉમેદવારી પત્રો ભરાયાં

## ૬ ન.પા.ઓમાં કુલ ૧૫૦, જ્યારે ૮ તા.પં.માં ૨૧૬ અને આણંદ જિ.પં.ની ચૂંટણી માટે વધુ ૨૦ ઉમેદવારીપત્રો ભરાયાં

આણંદ, તા.૧૧

આણંદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઉમેદવારી પત્રો ભરવાના આજે પાંચમાં દિવસે ૬ નગરપાલિકાઓમાં કુલ ૧૫૦, જ્યારે ૮ તાલુકા પંચાયતોમાં ૨૧૬ ઉમેદવારી પત્રો અને આણંદ જિલ્લા પંચાયતની ચૂંટણી માટે આજે વધુ ૨૦ ઉમેદવારી પત્રો ભરાયાં હતા. જ્યારે કરમસદ- આણંદ મનપાની ચૂંટણીમાં વધુ ૧૨ ફોર્મ રજૂ કરવામાં આવ્યા હતા. જોકે સત્તાવાર નોંધાયેલા રાજકીય પક્ષો દ્વારા કેટલાકને ટેલીફોનિક સંપર્ક દ્વારા ફોર્મ ભરવાનું કહી દેવામાં આવતા તેમણે તૈયારી કરી લીધી છે, હવે આવતીકાલે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હોવાથી ભારે ધસારો રહેવાની શક્યતા છે.પાંચમાં દિવસે ભરાયેલા ફોર્મની વિગતો જોઈએ તો, આણંદ જિલ્લા પંચાયતની ચૂંટણી માટે આજે વધુ ૨૦ ઉમેદવારી પત્રો ભરાયા હતા જ્યારે અત્યાર સુધીમાં કરમસદ આણંદ મહાનગરપાલિકાની ચૂંટણી માટે કુલ ૧૪ ફોર્મ, આણંદ જિલ્લા પંચાયતની ચૂંટણી માટે કુલ ૨૫ ફોર્મ ભરાયા છે. જ્યારે આણંદ જિલ્લામાં યોજાનાર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે પેટલાદ તા.પં.માં કુલ ૩૫ ફોર્મ, આકલાવમાં ૧૨, તારાપુરમાં ૧૨, ઉમરેઠમાં ૦૮, બોરસદમાં ૮૭, સોજીત્રામાં ૨૭, આણંદમાં ૧૨ અને ખંભાતમાં ૨૩ મળીને અત્યાર સુધીમાં કુલ ૨૧૬ ફોર્મ ભરાયા છે.તેવી જ રીતે આણંદ જિલ્લાની જે નગરપાલિકાઓમાં સામાન્ય ચૂંટણી યોજાઈ રહી છે, તેની વિગતો જોઈએ તો ખંભાત નગરપાલિકામાં અત્યાર સુધીમાં કુલ ૨૧ ફોર્મ, પેટલાદ નગરપાલિકામાં ૧૬, બોરસદમાં ૭૪ ઉમરેઠમાં ૦૫, સોજીત્રામાં ૧૨ અને તારાપુર નગરપાલિકામાં ૨૨ ફોર્મ મળીને અત્યાર સુધીમાં કુલ ૧૫૦ ફોર્મ ભરાયા છે. આણંદ જિલ્લા પંચાયતની ચૂંટણી માટે આજે વધુ ૨૦ ઉમેદવારી પત્રો ભરાયા છે. જ્યારે કરમસદ-આણંદ મહાનગરપાલિકાની ચૂંટણી માટે આજે વધુ ૧૨ ઉમેદવારી પત્રો ભરાયા હતા.ઉલ્લેખનિય છે કે, આવતીકાલે તારીખ ૧૧ મી એપ્રિલ શનિવારે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ છે. આણંદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં તા. ૨૬ એપ્રિલના રોજ મતદાન અને તા. ૨૮ એપ્રિલના રોજ મતગણતરી યોજાશે. આણંદ જિલ્લામાં મહાનગરપાલિકાઓ ઉપરાંત જિલ્લા અને તાલુકા પંચાયત તથા નગરપાલિકાઓમાં દાવેદારોની સંખ્યા જોતા રાજકીય પક્ષો માટે દ્વિધા પરિસ્થિતી સર્જાઇ છે. જ્ઞાતિ સમીકરણ અને રાજકીય પીઠબળ અને દાવેદારોની સ્પર્ધાને કારણે મુખ્ય રાજકીય પક્ષો જેમાં ભાજપ ઉપરાંત કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટી સહિતના પક્ષોએ અગાઉથી ઉમેદવારો જાહેર કરવામાં વિલંબ કર્યો છે. પ્રવાહી સ્થિતિને લીધે એકબીજા પક્ષમાં બળવાખોરી અને ધ્રુવીકરણની ચિંતાને કારણે પક્ષો એકબીજાની યાદી જાહેર થાય તેની રાહ જોવાઈ રહી હતી. જેથી અસંતોષની આગને ઠારી ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં સરળતા રહે. હવ છેલ્લા દિવસે શું પરિસ્થિતિ સર્જાય છે તે જોવું રહ્યું .

### મહેસાણામાં ભાજપનું મોટું સરપ્રાઈઝ

# ૨૮ વર્ષથી કાર્યાલયમાં પટાવાળા તરીકે કામ કરતા રમેશ ભીલને આપી ટિકિટ!

મહેસાણા, તા.૧૧

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે ભાજપે પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે, પરંતુ મહેસાણામાં પાર્ટીએ લીધેલા એક નિર્ણયે સૌને ચોંકાવી દીધા છે.

સામાન્ય રીતે ચૂંટણીમાં મોટા માથાઓને જ ટિકિટ મળતી હોય છે, પરંતુ આ વખતે ભાજપે કોઈ દિગ્ગજ નેતાને બદલે જિલ્લા કાર્યાલયમાં છેલ્લા ૨૮ વર્ષથી પટાવાળા તરીકે નિષ્ઠાપૂર્વક સેવા આપતા રમેશભાઈ ભીલ પર પસંદગીનો કળશ ઢોળ્યો છે. તેમને વોર્ડ નંબર ૧૩ માંથી મહાનગરપાલિકાના ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. પાર્ટીના આ નિર્ણયથી પાયાના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

મહેસાણાના રાજકારણ માટે આ એક ખૂબ મોટા સમાચાર છે. મહાનગરપાલિકાની ચૂંટણીના જંગ માટે ભાજપે પોતાના પત્તા ખોલી દીધા છે અને આ વખતે વિરોધીઓ પણ વિચારતા થઈ જાય તેવી રણનીતિ અપનાવી છે. રમેશભાઈ ભીલ છેલ્લા ૨૮ વર્ષથી મહેસાણા જિલ્લા ભાજપ કાર્યાલયમાં એક સામાન્ય પટાવાળા તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેઓ વર્ષોથી પડદા પાછળ રહીને પક્ષની સેવા કરી રહ્યા હતા. તેમની આટલા વર્ષોની વફાદારી, સાદગી અને અવિરત સેવાની કદર કરીને પાર્ટીએ તેમને સીધા જ ચૂંટણીના મેદાનમાં ઉતાર્યા છે.

ભાજપે જમીની સ્તરે કામ કરતા અને પક્ષને વફાદાર રહેતા એક અદના કાર્યકર પર જે રીતે વિશ્વાસ મૂક્યો છે, તેનાથી રમેશભાઈના પરિવારજનોની ખુશીનો કોઈ પાર નથી રહ્યો. એક સામાન્ય પટાવાળાને ટિકિટ મળતા સ્થાનિક નાના કાર્યકરોમાં પણ એવો સકારાત્મક મેસેજ ગયો છે કે પાર્ટી તેમની મહેનત જુએ છે અને સમય આવ્યે તેની કદર પણ કરે છે.આ નિર્ણયથી ભાજપે સ્પષ્ટ કરી દીધું છે કે પક્ષમાં કામ કરનાર નાનામાં નાના કાર્યકરની પણ નોંધ લેવાય છે. હવે આખા શહેરની નજર એ વાત પર મંડાયેલી છે કે, શું એક સામાન્ય સેવક એવા રમેશ ભીલ વોર્ડ નંબર ૧૩ માં વિજયનો પરચમ લહેરાવી શકશે? આગામી ચૂંટણીનો આ જંગ જોવો હવે ખૂબ જ રસપ્રદ બની રહેશે.

### મહેસાણા કોર્પોરેશનમાં ભાજપે ૯ને રીપીટ કર્યા, જુના જોગીઓનાં પત્તાં કપાયાં

# મહેસાણા જિલ્લામાં કોંગ્રેસની બંધ બાજી સામે ભાજપે મોડી રાત્રે પત્તાં ખોલ્યાં

મહેસાણા, તા.૧૧

રાજકીય લેબોરેટરી ગણાતા મહેસાણા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રાજકીય પક્ષો ફૂંકી ફૂંકીને પગ મુકી રહ્યા છે. ભાજપે શુક્રવારે રાત્રે મહેસાણા કોર્પોરેશનના ઉમેદવારો જાહેર કર્યાના ઘણા સમય બાદ જિલ્લા પંચાયત સહિત અન્ય સંસ્થાઓના ઉમેદવારો જાહેર કર્યા હતા, જ્યારે કોંગ્રેસે શુક્રવારે મોડી રાત સુધી કોઈ ઉમેદવારો જાહેર નહોતા કર્યા.મહેસાણા જિલ્લામાં મહેસાણા મહાનગરપાલિકા અને પાંચ નગરપાલિકાઓ, જિલ્લા પંચાયત તથા ૧૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીની સાથે સાથે વડનગર પાલિકાના એક વોર્ડની પેટાચૂંટણી જાહેર કરાઈ છે. વિવિધ પક્ષોમાંથી ટિકિટો મેળવવા દાવેદારોએ સંભવિત તમામ ધમપછાડા કર્યા હતા અને ઉમેદવારોની યાદી જાહેર થાય તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, શનિવારે ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ હોવા છતાં ભાજપ અને કોંગ્રેસ બળવો કે હોબાળો ટાળવા માટે ફૂંકી ફૂંકીને પગ મુકી રહ્યા હોય તેમ બેઠક દીઠ બે-ત્રણ દાવેદારોને ફોન કરીને ફોર્મ ભરવાની તૈયારી કરી દેવા જણાવી દેવાયું હતું પરંતુ ઉમેદવારો જાહેર કરવામાં વિલંબ કરી રહ્યા હતા. જેમાં કોંગ્રેસનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, દાવેદારોને ફોન કરીને સૂચના આપી છે, જો કે, શનિવારે સીધા મેન્ડેટ આપવામાં આવશે.

જે મુજબ કોંગ્રેસે મહેસાણા જિલ્લાની કોઈપણ સંસ્થાના તેમના ઉમેદવારો શુક્રવારે મોડી રાત સુધી જાહેર કર્યા નહોતા.તો બીજી તરફ ભાજપ દ્વારા નવરચિત મહેસાણા મહાપાલિકાના ઉમેદવારો રાત્રે દસેક વાગ્યે જાહેર કરાયા હતા અને તેના એકાદ કલાક બાદ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો તેમજ નગરપાલિકાઓના ઉમેદવારો જાહેર કર્યા હતા. ભાજપે દિવસે સત્તાવાર ઉમેદવારો જાહેર કર્યા નહોતા છતાં પણ કેટલાક ઉમેદવારો અંગે અંદેશો આવી જતાં કેટલાક સ્થળે નારાજગી બહાર આવી હતી. જોટાણ તા.પં.ની મરતોલી બેઠકમાં ટિકિટ વહેચણીના મુદ્દે નારાજગીને લઈને મહેશ પટેલ સહિત મરતોલી તથા અજબપુરા ગામના કેટલાક કાર્યકરો ભાજપ પર આક્ષેપ કરીને કોંગ્રેસમાં જોડાયા હતા. મહેસાણા તાલુકા પંચાયતની મગુના બેઠકમાં પણ હોબાળો જોવા મળ્યો હતો. મોડી રાત્રે ભાજપે જિલ્લાની તમામ સંસ્થાઓના ઉમેદવારો જાહેર કરતાં જ દાવેદારોમાં કહીં ખુશી કહીં ગમ જેવો માહોલ સર્જાયો હતો.

નવરચિત મહેસાણા મહાનગરપાલિકામાં ભાજપે મોટાભાગે નવા ચહેરા મેદાનમાં ઉતાર્યા છે. નગરપાલિકાની ગત ટર્મમાં જીતેલા ભારતીબેન ઠાકોર, દિપકભાઈ પટેલ, દેવેશભાઈ પટેલ, અસ્મીતાબેન પટેલ, રાકેશભાઈ પટેલ, મિત્તાલબેન પ્રજાપતિ, ઋષિરાજ પરમાર અને કપિલાબેન ઠાકોરને રીપીટ કર્યા છે, તો ગત ટર્મમાં હારેલા ઉમેદવાર ભવાનીસિંહ પ્રિન્સને પણ રીપીટ કરાયા છે. આ સિવાય મોટાભાગના જૂના જોગીઓનાં પત્તાં કપાયાં છે. ઉપરાંત સંગઠનના હોદ્દેદારો કે તેમના પરિવારજનોને પણ મેદાનમાં ઉતાર્યા છે.




મારા લેખની શરૂઆત મને ખૂબ સચોટ રીતે અનુભવાયેલા વાક્યથી કરવી ગમશે. ×જે માણસ સન્માન (આદર) આપી શકે તે જ સાચો પ્રેમ કરી શકે – કોઈ પણ સગપણે.× પ્રેમ માટેની આટલી નાની વ્યાખ્યા જ મારો અભિગમ છે. સન્માન એટલે સમાન માન. જો વ્યક્તિમાં રહેલો ઈગો દૂર થાય તો જ સન્માનને જગ્યા મળે. જ્યાં સન્માન નથી ત્યાં એ સંબંધ ઑક્સિજન પર છે. દેખાડો છે. સો ટકા સ્વાર્થ પર લટકેલો જ હોય છે. આ મારો સ્વાનુભવ બોલે છે.

પોતાનું સ્વાભિમાન ગીરવે મૂકીને કોઈ પણ વ્યક્તિનું કામ કરવું પડે, સંબંધો સાચવવા પડે, આંસુ જોનાર કે લૂછનાર કોઈ પાસે હોતું જ નથી ત્યારે અંતરમન તૂટી જાય છે. વ્યક્તિના દિલમાં, ઘરમાં કે જીવનમાં ઘણી કોશિશ પછી પણ આપણા સન્માનનું કોઈ સ્થાન જ ન હોય ત્યારે તો ત્યાંથી ટર્ન મારી પોતાનો ×દેવો ને દુર્લભ એવો મનખો× આનંદથી વિતાવી કર્મબંધનથી મુક્ત થવું એ જ શ્રેયકર માર્ગ મને સમજાય છે.

તેમના જીવનમાં કેમ મારું સન્માન નથી? એ કારણની જાણ થતાં જ જાણે ધરતીકંપ અનુભવાય. કારણ કે સત્ય એક જ લીટીનું હોય છે. જૂઠના ફકરા કે નિબંધો હોય.

સન્માન એ માનવ હોવાનો મહત્વનો વારસો છે.

આવ નહીં, આદર નહીં
નહીં નયનોમાં નેહ,
તે ઘરે નવ જાઈએ
ભલે કંચન વરસે મેહ.
-પુનિતા દવે
અમદાવાદ.

# જૂનાગઢ કેશોદમાં ભાજપે વોર્ડ ૫ માટે જાહેર કરેલી મહિલા ઉમેદવારનો ઈનકાર

જૂનાગઢ, તા.૧૧

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ટિકિટ ફાળવણીને લઈને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. જૂનાગઢના કેશોદમાં ભાજપ દ્વારા ઉમેદવારોની જાહેરાત કરવામાં આવ્યા બાદ એક અત્યંત ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કેશોદ નગરપાલિકાના વોર્ડ નંબર ૫માં ભાજપે જે મહિલા ઉમેદવાર પર પસંદગીનો કળશ ઢોળ્યો હતો, તેઓ ટિકિટ મળ્યા બાદ હવે ચૂંટણી નહીં લડે.

માહિતી મુજબ, કેશોદ નગરપાલિકાના વોર્ડ નંબર ૫માં ભાજપના પૂર્વ સભ્ય વિવેક કોટડીયા સક્રિય દાવેદાર હતા. વિવેક કોટડીયાએ પોતે ચૂંટણી લડવા માટે પક્ષ પાસે ટિકિટ માંગી હતી.

Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

12-04-2026_15 Jan Fariyad_New_P-2